**આંક– ૨૪ નું સાંધાણ**

**<u>સોગંદઆપ્યા</u>**

**વાદીનાં વિ.વ.શ્રી તરફ થી આંક– વાળી અરજી મુજબ માર્ક ૩/૧ થી ૩/૭ વાળા આધારો તથા માર્ક ૨૬/૧ થી ૨૬/૪ વાળા આધારોને આંકે પાડવાની રજુ આતો કરત હોય પ્રતિવાદીનાં વિ.વ. શ્રી તરફ થી  આધારો પુરવાર કરવાની શરતે આંક– ૨૭ થી ૩૭ આપવામાં આવે છે.**

## ઉલટ તપાસ – પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી એ.જે.ઠકકર

હું જમીન લે વેચનો ધંધો કરુ છું. મે કોર્ટમાં સોગદનામું કરેલું છે તે મને યાદ આવતુ નથી. મે કોર્ટમાં જમીન એટલે કે પ્લોટ નં. ૩ સબંધે પાવરનામાનો કેસ કરેલો છે.પ્લોટ નંબર ૩ સંયુકત નામે છે. આ પ્લોટ નો વેચાણ દસ્તાવેજ થઈ ગયેલ છે. પ્લોટ નં. ૩ વાળો અમે ચંદુલાલ ગોર પાસેથી ખરીદ કરેલ છે. આ દસ્તાવેજ પાવરનામાનાં આધારે થયેલો. એ વાત ખરી છે કે, પ્લોટ નં. ૩ અમે ખરીદ કરેલો તેનો અસલ દસ્તાવેજ મારી પાસે નથી. હું વિકાસ બિલ્ડરોથી જાણતો નથી. હું વિકાસ બિલ્ડરમાં નોકરી કરતો હોય તેવુ બનેલ નથી. હું દિપાબેન હિતેશ ને ઓળખુ છું તે ચંદુલાલભાઈના દિકરી થાય છે. વિકાસ બિલ્ડરમાં ચંદુલાલભાઈ અને તેના ભાઈઓ પાર્ટનર હતા તે મને ખ્યાલ નથી. હું હિરાલાલ હંસરાજ ને ઓળખુ છું તેઓ ચંદુલાલભાઈના ભાઈ થતા હશે તે મને ખ્યાલ નથી. હું

સાહેદની સહી

પ્લોટની ચતુદિશા લખાવી શકુ. એ વાત ખરી છેકે, દાવાવાળો પ્લોટ પાર્ટી પ્લોટ તરીકે ચાલુ છે. આ પાર્ટીપ્લોટ પારસ અને નરોતમભાઈ ચલાવતા હોય તે મને ખબર નથી. આ પાર્ટીપ્લોટ કોને ડેવલોપ કરેલો છે તેના જવાબમાં જણાવીએ છીએ કે, અમો વાદી તથા પ્રતિવાદી નં. ૧ વાળાએ કરેલો છે. આ પાર્ટીપ્લોટ શીવમ પાર્ટીપ્લોટ તરીકે ચાલે છે. આ પાર્ટી પ્લોટમાં એક રુમ તથા ગાર્ડન છે તે સિવાય કોઈ સુવિધા નથી. આ પાર્ટી પ્લોટ નરોતમભાઈ સંભાળે છે.એ વાત ખરી છે કે, આ દાવો કર્યા ત્યારે પાર્ટીપ્લોટ ચાલુ હતો. એ વાત ખરી છે કે, આ પ્લોટ જયારે ખરીદ કર્યો ત્યારે તેમાં દબાણ હતુ અને કોર્ટ કેસ પણ ચાલુ હતો. એ વાત ખરી છે કે, પ્લોટમાં જે દાબાણ વિગેરે હતુ તે હટાવવાનું કામ અમારા પાવરદાર નરોતમભાઈ ધ્વારા કરવામાં આવેલું. એ વાત ખરી નથી કે, તેનો ખર્ચો પણ નરોતમભાઈએ ભોગવેલો. એ વાત ખરી છે કે, પાર્ટીપ્લોટ સને ૨૦૧૭ થી ચાલુ છે. એ વાત ખરી છે કે, પાર્ટીપ્લોટ શરુ કરી ત્યાર થી દાવો દાખલ કર્યો ત્યાં સુધીનો કોઈ હિસાબ અમોએ માંગેલો નથી. એ વાત ખરી છે કે, અમોએ અમારા પાવરદાર પાસેથી કોઈ હિસાબ માંગેલો નથી. એ વાત ખરી છે કે, હું અને મારો પાવરદાર રેગ્યુલર મલતા નહી. એ વાત ખરી છે કે, પાર્ટીપ્લોટ ઉપર લાઈટ કનેકશન કોનું છે તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે, પાર્ટીપલોટ ઉપર મે કોઈ વ્યકિતની નિમણુંક કરેલી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, વહીવટ નરોતમભાઈ સંભાળે છે.

---

સાહેદની સહી

હું નવ પાસ છું. એ વાત ખરી છે કે, જમીનનાં ધંધામાં હોવાથી પાવરદારની પ્રક્રિયાથી માહીતગાર છું. એ વાત ખરી છે કે, આ કેસમાં મે તથા વાદી નં. ૨ વાળા નોટરી રુબરુ પાવરનામું કરી આપેલ છે. એ વાત ખરી છે કે, ઓમએ પાવરનામુ રદ કરેલ નથી. એ વાત ખરી નથી કે, દાવાવાળો પ્લોટ વાદી નં. ૨ ના પિતા વહીવટ કરતા હતા. એ વાત ખરી છે કે, મારે અને વાદી નંબર ૨ ને આ પ્લોટ બાબતે ચર્ચા થતી નથી. એ વાત ખરી નથી કે, આ દાવો કરવાનો નિર્ણય મારો નથી. એ વાત ખરી છે કે, આ પ્લોટનો દસ્તાવેજ થયો તેની જાણ દિપાબહેનને છે. એ વાત ખરી છે કે, આ પ્લોટના થયેલ દસ્તાવેજ બાબતે વાદી નં. ૨ ના પિતા સાથે મારી કોઈ વાતચિત થયેલ નથી. આ દાવો કરવાનો નિર્ણય મે અને વાદી નં. ૨ એ સંયુકત કરેલો. અમારી તરફેણનો દસ્તાવે તા. ૨૨ /૭/ ૦૭ થયાનો ખ્યાલ છે. એ વાત ખરી નથી કે, દસ્તાવેજ સમયે હું નોકરી કરતો હતો. મે કયારેય પણ નોકરી કરેલ નથી.

**સવાલ –::** અમોએ પ્રતિવાદી નં. ૪ વાળાને જે પાવરનામું આપ્યું ત્યાર થી આ પ્લોટનો વહીવટ તેઓ કરે છે ?

**જવાબ –::** સંયુકતમાં વહીવટ કરીએ છીએ.

એ વાત ખરી છે કે, આ પ્લોટના સંર્દભમાં જે કાંઈ લખાણો થયા કે કરારો થયા તેની મને ખબર નથી. પ્લોટ ખાલી થઈ ગયેલ છે તેની મને જાણ છે. એ વાત ખરી નથી કે, પ્લોટો ઉપર દબાણ હતુ તેથી તમામ હતો નરોતમભાઈને આપ્યા અને અમો છુટા થયેલા. એ વાત ખરી છે કે,

અમારી તરફેણમાં દસ્તાવેજ થયો તે અસલ દસ્તાવેજ મારી પાસે હતો. એ વાત ખરી છે કે, દસ્તાવેજની અસલ ફાઈલ અમોએ પાવરનામા સાથે નરોતમભાઈને આપી દિધેલી. એ વાત ખરી નથી કે, મારા અને નરોતમભાઈનાં પ્રથમથી ફેમીલી રીલેશન છે. અમારી તરફેણનો દસ્તાવેજ રૂા.૩,૮૭,૦૦૦/- ની આસ પાસ થયેલો છે. હું દસ્તાવેજ સમયે ઈન્કમટેક્ષ પાત્ર આવક ધરાવતો ન હતો મારી અત્યારે ઈન્કમટેક્ષ પાત્ર આવક નથી.

**સવાલ -:** દસ્તાવેજની અવેજ ની રકમ તમે ચુકવી છે તેનો દસ્તાવેજી આધાર તમે આપી શકો તેમ છો ?

**જવાબ -:** આધાર નથી રોકડે થી ચુકવેલ છે.

એ વાત ખરી છે કે, દસ્તાવેજ સમયે હું બેંક એકાઉન્ટ ધરાવતો હતો. એ વાત ખરી નથી કે, મારી આવક બેંકમાં જમા કરાવતો હતો. એ વાત ખરી નથી કે, મે દસ્તાવેજની અવેજની રમક બેંકમાંથી ઉપાડીને ચુકવેલી. એ વાત ખરી છે કે, દાવાવાળી મિલ્કતનો દસ્તાવેજ નરોતમભાઈએ કરાવેલો પછી પાર્ટીપ્લોટ ચાલુ થયેલો. એ વાત ખરી નથી કે, પાર્ટીપ્લોટ નરોતમભાઈએ દસ્તાવેજ કરાવેલો પછી ચાલુ થયેલો. સાહેદ જણાવે છે કે, અમારા દસ્તાવેજ થયો પછી ચાલુ થયેલો.પ્લોટ ઉપર નું દબાણ પાવરનામું આપ્યા પછી ૩ થી ૪ વર્ષે થયેલું. એ વાત ખરી નથી કે, નરોતમભાઈએ જે દસ્તાવેજ કર્યો તેની ચર્ચા અમારે થયેલી છે. એ વાત ખરી

---
સાહેદની સહી

છે કે, દસ્તાવેજ સંર્દભમાં ચુદભાઈ સાથે નરોતમભાઈની ચર્ચા થયેલી હોય તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, દિપાબેનની નરોતમભાઈ સાથે ચર્ચા થયેલ હોય તો તેની મને ખ્યાલ નથી. એ વાત ખરી છે કે, મે અને દિપાબેને વાદ વાળા પ્લોટ સિવાય અન્ય કોઈ મિલ્કત ખરીદ કરેલ નથી. એ વાત ખરી છે કે, મે તથા દિપાબેનને સાથે જમીન લે–વેચનો ધંધો પણ ભેગો કરેલો નથી. દિપાબેનને મે ધર્મની બહેન બનાવેલી છે. અમો બાજુમાં રહેતા તે રીતે ઓળખાણ થયેલી. હું વાણીયાવાડમાં રહેતો હતો. દિપાબેન વિકાસ એપાર્ટમેન્ટમાં રહેતા. એ વાત ખરી છે કે, વાણીયાવાડ અને વિકાસ એપાર્ટમેન્ટ વચ્ચે ઘણું અંતર છે. મને દિપાબેન અને નરોતમભાઈ વચ્ચે શું સબંધ છે તેની મને ખબર નથી. હું ગીતાબેન અને જશુભાઈને ઓળખતો નથી. એ વાત ખરી નથી કે, મે નરોતમભાઈ વિરુધ્ધ પોલીસ ફરીયાદ કરેલી નથી. એ વાત ખરી નથી કે, હું શિવસહાદ માતાપ્રસાદ ત્રિવેદીને ઓળખતો ન હતો. એ વાત ખરી છે કે, આ વ્યકિતના ખુન બાબતે અમારી કોઈ જવાબદારી ફીટ થયેલી નથી. એ વાત ખરી છે કે, આ વ્યકિતની નિમણુંક બાબતનો કોઈ આધાર આ કેસમાં રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, આ કોઈ આધાર મારી પાસે છે પણ નહી. એ વાત ખરી છે કે, આ વ્યકિતને ચુકવણી સંર્દભ બાબતે મારી નરોતમભાઈ સાથે કોઈ ચર્ચા થયેલી નથી. મે આ વ્યકિતને ચુકવણી મારા બેંક એકાઉન્ટમાંથી કરેલી. આ વ્યકિતને મારા સિવાય બીજા કોઈએ ચુકવણી કરેલી હોય તેની મને ખબર

નથી. હું મારું બેંક એકાઉન્ટ રજુ કરવા તૈયાર છું. એ વાત ખરી છે કે, થયેલ દસ્તાવેજ મારી ઈચ્છા મુજબ અને આપેલ પાવરનામાનાં આધારે થયેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પાવરનામું દિઘુ છે તે સાચુ છે મે વેચાણ કરવાનું પાવરનામું આપેલ નથી. એ વાત ખરી નથી કે, હું વિકાસ બિલ્ડર સાથે ,પ્રતિવાદીઓ સાથે કે તેમની ફેમીલી સબંઘ ઘરાવુ છું.

ઉલટ તપાસ પુરી.

ફેર તપાસ નથી.

---

સાહેદની સહી

સાહેદ તથા તેના વિ.વ.શ્રી ચાલુ જુબાનીએ સાહેદની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે અને તેમના વિ. વકીલશ્રીએ અને ઉલટ તપાસ કરનાર વિ. વકીલશ્રી એપ્રુવ કરેલી જુબાનીની પ્રીન્ટ કેસમાં મુકેલ છે. ના. ગુજરાત હાઈ કોર્ટ તરફથી આ અદાલતને તા. ૨૪/૦૭/૧૯ ના રોજ નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબ, સુરત મારફત સુચના મળેલ છે કે દરેક સાહેદની જુબાનીઓમાં સાહેદની સહી લેવી. તેથી સાહેદે પોતે આપેલ જુબાની તેણે આપ્યા મુજબ નોંધાયેલ છે તે કબુલ રાખ્યા બદલ તેની સહી કરેલ છે.

પ્રિન્સીપાલ સીની. સીવીલ જજ
ભુજ - જી.જે.૦૦૮૧૪

મારી રુબરુ

તા. ૨૮– ૧૨ –૨૦૨૨
ભુજ–કચ્છ.

પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
ભુજ–કચ્છ.

---

સાહેદની સહી

સાહેદની સહી